# ૧. હે શારદે મા

♦ કૃતિ કરો.

• યોગ્ય રીતે જોડો.

| (અ) | (બ) |
|---|---|
| ૧) વિદ્યાની દેવી | અ) લક્ષ્મી માતા |
| ૨) પૈસાની દેવી | બ) દુર્ગા માતા |
| ૩) સર્વધર્મ સમભાવની દેવી | ક) પોતાની માતા |
| ૪) શક્તિની દેવી | ડ) સરસ્વતી માતા |
| ૫) જન્મ આપનાર દેવી | ઈ) ભારત માતા |

• કહો જોઈએ.

૧) કમળ ઉપર બિરાજે – ..........................................

૨) સિંહ ઉપર બિરાજે – ..........................................

૩) મોર ઉપર બિરાજે – ..........................................

૪) કૂકડા ઉપર બિરાજે – ..........................................

૫) મગર ઉપર બિરાજે – ..........................................



હે શારદે મા, હે શારદે મા
અજ્ઞાનતાથી અમને તારી દે મા (૨)
તું સ્વરની દેવી છે, સંગીત તુજથી
સર્વ શબ્દ તારા ને સર્વ ગીત તુજથી,
અમે તો અધૂરા, અમે તો અટૂલા
તારા શરણમાં મને સ્થાન દે મા
... હે શારદે મા

ઋષિઓએ જાણી, મુનિઓએ પિછાણી
વેદોની ભાષા, પુરાણોની વાણી
અમે પણ જાણીએ અમે પણ સમજીએ
વિદ્યાનો અમને અધિકાર દે મા
... હે શારદે મા

તું શ્વેતવર્ણી, કમળ પર બિરાજે,
હાથોમાં વીણા, મુગટ શિરે છાજે
મનથી અમારા હરી લે અંધારા
અમને ઉજાસનો સંસાર દે મા
... હે શારદે મા

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

૧) સરસ્વતી – .......................  ૨) અવાજ – .......................
૩) બધાં – .......................  ૪) ગાયન – .......................
૫) માતા – .......................  ૬) ઓળખી – .......................
૭) હક્ક – .......................  ૮) અજવાળું – .......................

**સ. ૨ નમૂના પ્રમાણે સહસંબંધ દર્શાવતો શબ્દ શોધો.**

દા.ત. અધૂરા – પૂરા (અંધકાર, ફરજ, જ્ઞાન, અજવાળું)

૧) અજ્ઞાન – .......................  ૨) અંધારું – .......................
૩) ઉજાસ – .......................  ૪) અધિકાર – .......................

**સ. ૩ નીચેના શબ્દોનો ઉપયોગ કરી મનગમતા વાક્ય બનાવો.**

૧) સંગીત  ૨) કમળ  ૩) સંસાર  ૪) મુગટ

**સ. ૪ આગળ ‘અ’ લગાવીને શબ્દ બનાવો :** દા. ત. જ્ઞાન – અજ્ઞાન

૧) પ્રામાણિક – .......................  ૨) પૂર્ણ – .......................
૩) નિંદ્રા – .......................  ૪) ભય – .......................
૫) ખંડ – .......................  ૬) જય – .......................

**સ. ૫ (અ) જાતિ બદલો. દા.ત. મામા-મામી**

૧) દીકરો – .......................  ૨) કૂતરો – .......................
૩) વાઘ – .......................  ૪) મોર – .......................
૫) મેના – .......................  ૬) સ્ત્રી – .......................
૭) નોકરાણી – .......................  ૮) રાજા – .......................

**(બ) એક કરતાં વધારે લખો.**

૧) ચમચી – .......................  ૨) પેન – .......................
૩) રમકડું – .......................  ૪) છોકરો – .......................
૫) ઘોડો – .......................  ૬) તારો – .......................
૭) સૈનિક – .......................  ૮) નેતા – .......................

♦ **સંભાષણ :** તમે જોયેલી સરસ્વતી માતાની તસવીરના આધારે તેમના હાથમાં શું શું હોય છે ? તે કહો.

**સ. ૬ કહો.**

૧) ઋષિમુનિઓએ જાણેલી – ઓળખેલી ભાષા –

૨) સ્વરની દેવી –

૩) શારદા મા પાસેથી મળતો અધિકાર –

૪) સરસ્વતી માતાના શિરે શોભે –

**સ. ૭ કાવ્યપંક્તિમાં ખૂટતો શબ્દ મૂકો.**

૧) અમે તો અધૂરા, અમે તો ..............

૨) ઋષિઓએ જાણી, ...................એ પિછાણી.

૩) તું શ્વેતવર્ણી, ................... પર બિરાજે.

૪) અમને ................નો સંસાર દે મા.

**સ. ૮ યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.**

૧) મા શારદા .......... છે.

(ક) રક્તવર્ણી (ખ) શ્વેતવર્ણી (ગ) કુમકુમવર્ણી

૨) સરસ્વતી માતા ................ તારી દે છે.

(ક) અજ્ઞાનતાથી (ખ) અંધકારથી (ગ) જીવનથી

૩) બાળકો સરસ્વતી માતાના ........... સ્થાન માંગે છે.

(ક) ચરણમાં (ખ) દરબારમાં (ગ) શરણમાં

૪) સરસ્વતી માતાના હાથમાં ........... છે.

(ક) વીણા (ખ) વાજુ (ગ) ડમરું

**સ. ૯ શક્તિની આરાધ્ય દેવીઓના તમને આવડે તેટલાં નામ લખો.**

દા.ત. અંબા, બહુચર,...



**પ્રકલ્પ**

- સર્વધર્મસમભાવ દર્શાવતી એક પ્રાર્થના કાર્ડપેપર ઉપર લખી તેની ફરતે દરેક ધર્મના પ્રતીકોનાં ચિત્રો દોરો.

## હું વાંચું ... તમે પણ વાંચો



### સરસ્વતી વંદના

વીણાવાદિની મા શારદા, નાનેરા તુજ બાળ.
વિદ્યાતણું વરદાન દેજે,
રાખજે અમ સંભાળ.
... તારો સાચો પ્રેમ છે મા.
અમને તારો આધાર,
ભૂલચૂક કદીક થાય તો,
મા ઉગારજે મઝધાર,
... તારો સાચો પ્રેમ છે મા.
હૈયે આપજે હામ,
ઝળહળ જ્યોતિ જગમાં તારી,
વિદ્યા તણું તુજ ધામ.
... તારો સાચો પ્રેમ છે મા.
આવ્યો તુજ દ્વાર,
અમ અંતરમાં પ્રગટાવજે,
જ્ઞાનદીપનો ભંડાર.
... તારો સાચો પ્રેમ છે મા.

---

## અધ્યાપન સંકેત



શરૂઆતમાં આપેલી કૃતિ કરાવી માતાજીના નામોની યાદી તૈયાર કરાવવી. સરસ્વતી માતાની તસવીર કે મૂર્તિને પ્રત્યક્ષ બતાવી તેનું વર્ણન કરાવવું. પછી શાળામાં રોજ ગવાતી પ્રાર્થનાનું સમૂહગાન કરાવવું. પ્રાર્થનાના મહત્ત્વથી અવગત કરાવ્યા પછી પ્રશ્નોત્તરની મદદથી કૃતિનું અધ્યયન કરાવવું. સમૂહગાન કરાવવું. કૃતિ મૂળ હિન્દીમાં છે તે બાબતનું સ્પષ્ટીકરણ કરી હિન્દીની કૃતિનો પણ ખ્યાલ આપવો. કાવ્યમાં આવતા ઋષિઓ, શ્વેતવર્ણી જેવા જોડાક્ષરયુક્ત શબ્દોનું અનુલેખન કરાવ્યા પછી શ્રુતલેખન પણ કરાવવું.

**વિદ્યા વિનયથી શોભે છે.**